# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-05-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# ACCIDENT

રાજ્યમાં આજે અલગઅલગ જીલ્લાઓમાં બનેલા અકસ્માતના બનાવમાં સાત લોકોના મોત થયા છે..

અમારા તાપીના પ્રતિનિધિ નિરવ કંસારાના અહેવાલ અનુસાર નિઝરના વડલી ગામ પાસે બે બાઈક સામસામે અથડાતા બંને બાઈક સવારના ઘટના સ્થળે જ મોત થયા હતા..

અમારા કચ્છના પ્રતિનિધિ હેમાંગ પટ્ટણીના જણાવ્યા અનુસાર પૂર્વ કચ્છના લાકડીયા સામખીયાળી વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, બાઈક અને ટ્રોલી વચ્ચે સર્જાયેલા આ અકસ્માતમાં બે વ્યક્તિના ઘટના સ્થળે મૃત્યુ નીપજ્યા હતા.

આ ઉપરાંત  સુરતના અમારા પ્રતિનિધિ રીતુ દરબાર જણાવે છે કે સુરત ધુલીયા નેશનલ હાઇવે પર ટ્રક ચાલકે કાબુ ગુમાવતા ટ્રક રસ્તાની બાજુમાં ઉતરી ગઇ હતી અને ઉંધી વળી જતાં ટ્રકમાં બેઠેલાં ત્રણના મોત થયા હતાં..જ્યારે આ અકસ્માતમાં સાતને ઇજા થઇ હતી..

-----------------

# PIB MEDIA WORKSHOP

ગાંધીનગર સ્થિત નેશનલ લો યુનિવર્સિટી દ્વારા દેશના ત્રણ ક્રિમિનલ લો ઉપર પરિસંવાદ યોજાયો હતો.. પત્રકારોને સમજ આપતા ત્રણ નવા ફોજદારી ગુના અંગે ભારતીય નાગરિક સુરક્ષા સહિતા 203, ભારતીય

ન્યાય સંહિતા 2023 અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ 2023 અંગેની સમજ ગુજરાતના એડીજીપી ટ્રેનિંગના નિરજા ગોત્રુએ પત્રકારોને સમજ આપી હતી ..

--------------------

## RTE

આરટીઇ હેઠળ પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. પ્રથમ બે રાઉન્ડને અંતે પાંચ હજાર 873 ખાલી જગ્યા પડેલ છે. બિન અનુદાનિત શાળાઓમાં હવે આ ખાલી પડેલી જગ્યાઓ માટે પુનઃ પસંદગી માટેની પ્રક્રિયા દાથ ધરાઇ છે..ત્યારે આરટીઇ હેઠળ જેમની અરજી સ્વીકારાઇ હોય અને પ્રવેશની પસંદગીની ફરી વાર તક આપવામા આવે છે. આ માટે 24થી 26 મે દરમિયાન વેબ પોર્ટલ પર અરજી કરવાની રહેશે..

. --------------------

## Smart meter

સમગ્ર રાજ્યમાં સ્માર્ટ વીજ મીટરના વિવાદ વચ્ચે ઉર્જા વિભાગે રિચાર્જમાં જૂના પેન્ડિંગ બિલની રકમ ન લેવાનો નિર્ણય કર્યો હતો. તેમજ જૂના પેન્ડિંગ બીલની રકમ અલગથી વસૂલવાનો આદેશ કરાયો છે. જૂના બિલનાં કારણે લોકોને ગેરસમજ થઈ હોવાનું તારણ બહાર આવ્યું છે. જૂના પેન્ડિંગ બિલની રકમનાં 180 હપ્તામાં વસુલવામાં આવશે. સ્માર્ટ મીટરનાં દૈનિક વપરાશની સાથે રકમ કપાતી હતી. એક-એક દિવસનું પેન્ડિંગ બિલ

ઉમેરી રકમ કપાતી હતી. જેનાં કારણે ગ્રાહકોમાં ગેરસમજ ઉભી થઈ હોવાનું તારણ આવ્યું છે.

.................

# TEMPRETURE

અમદાવાદ સહિત રાજ્યભરમાં કાળઝાળ ગરમી પડી રહી છે..ત્યારે હવામાન વિભાગે અમદાવાદ સહિત ગુજરાતમાં આજે પણ રેડ એલર્ટની આગાહી કરી છે..

અમદાવાદમાં આજે અને કાલે બે દિવસ આ રેડ એલર્ટ છે..જ્યારે બે દિવસ બાદ ગુજરાત રિજીઅનમાં 25 અને 26 મેના રોજ ઓરેન્જ એલર્ટની શક્યતા છે, જ્યારે સૌરાષ્ટ્ર કચ્છમાં 24થી લઇને 26મી મે સુધી ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.. જ્યારે ત્યાર બાદ એટલેકે 27 અને 28મી મેના રોજ યલો એલર્ટ જાહેર કરાયું છે.. આ સમયગાળા દરમિયાન લોકોને સતર્ક રહેવાની સલાહ આપવામાં આવી છે.. તેમજ કોઇપણ અગત્યના કામ સિવાય બહાર ન નિકળવાનું પણ સૂચન કરવામાં આવ્યું છે.. અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા એડવાઇઝરી જાહેર કરીને વધુને વધુ પાણી પીવાની અને ઓઆરએસનું દ્રાવણનો ઉપયોગ કરવા માટેની સલાહ આપવામાં આવી છે..તેમજ અર્બન સેન્ટર પર પણ ઓઆરએસના પેકેટ ઉપલબ્ધ હોવાનું જણાવાયું છે..

---------

## COACHING INSTITUTES

ગુજરાતમાં ભીષણ ગરમીને ધ્યાનમાં લઇને ફેડરેશન ઓફ એકેડમીક એસોસિએશન, ગુજરાતે ઘટક સંઘો અને કોર કમિટી સાથે ઘનિષ્ટ ચર્ચા કરીને સમગ્ર ગુજરાતની કોચિંગ સંસ્થાઓએ આગામી પાંચ દિવસ સુધી બપોરે ૧૨ થી ૪ દરમિયાન શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનો નિર્ણય કર્યો છે, એમ ફેડરેશનના પ્રમુખ હેમાંગ રાવલે એક યાદીમાં જણાવ્યું છે.

(બાઇટ- હેમાંગ રાવલ, પ્રમુખ)

..........

## Shivrajpur Beach

**દ્વારકા જિલ્લામાં આવેલ વિશ્વ પ્રસિદ્ધ શિવરાજપુર બ્લુ ફ્લેગ બીચ પર ન્હાવા તેમજ તરવા પર 4 જૂનથી 2 ઓગસ્ટ સુધી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.**

**ચોમાસાની સીઝન દરમિયાન સમુદ્રમાં કરન્ટ કારણે ઊંચા મોજા ઉછળતા હોવાથી સલામતીના ભાગરૂપે તંત્રએ પ્રતિબંધ લગાવ્યો છે. દ્વારકા જિલ્લા અધિક કલેકટરે જાહેરનામુ બહાર પાડી 4 જૂન થી 2 ઓગસ્ટ**

**સુધી રોક લગાવી છે. આ** હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સામે કાનૂની પગલાં લેવાશે.

.................................

## Rajkot- Water harvesting activity

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જળ સંચયની પ્રવૃત્તિને વેગ મળે અને વધુને વધુ નાગરિકો પણ બોર રિચાર્જ કરે તે માટે સતત પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

રાજકોટ મહાનગરપાલિકાએ આ જળ સંચય અભિયાન હેઠળ પોતાના હસ્તકના તમામ બિલ્ડિંગોમાં તથા શહેરમાં સ્થળોએ પણ પાણીને જમીનમાં ઉતારવાની કામગીરી શરૂ કરેલી છે. આ જળ સંચયની કામગીરી હેઠળ ચોમાસા દરમ્યાન વરસાદી પાણી બોરમાં ઉતરશે. વધુ ને વધુ બોર રિચાર્જની કામગીરીમાં જોડાશે એમ જમીનમાં જળ સ્તર ધીમે ધીમે ઉપર આવશે.

---------------